માસાના પડઘમ | ઓછા વરસાદવાળા દેશના 580 જિલ્લામાં સૌથી વધુ સિંચાઈ વ્યવસ્થા, 10 વર્ષથી ઓછો વરસાદ છતાં વધુ ઉત્પાદન

# વરસાદ 12% ઓછો, રાજ્યો પાસે 14% વધુ પાણી

સુજિત ઠાકુર. નવી દિલ્હી

ાન વિભાગ કહે છે કે આ વખતે
શથી 12 ટકા ઓછો વરસાદ થશે
 કે 88 ટકા વરસાદ થશે. સૌથી વધુ
 ઉત્તર-પશ્ચિમના રાજ્યો એટલે કે
, હરિયાણા, પશ્ચિમ યુપી, ગુજરાત,
ચલ, ઉત્તરાખંડ અને જમ્મુ-કાશ્મીરને
પરંતુ તેનાથી ગભરાવવાની જરૂર નથી.
ાજ્યોના પાણીના જથ્થામાં સરેરાશથી
ટકા વધુ પાણી છે. જળ સંસાધન
લયનો આ અંદાજ છે. મંત્રાલય કહે
10 વર્ષથી ઉત્તર-પશ્ચિતના રાજ્યોના
ના જથ્થામાં સરેરાશ 28 ટકા પાણી
. ગયા વર્ષે તે 38 ટકા હતું. ગયા વર્ષે
દ 88 ટકા થયો હતો. આ વખતે 42
ાણીનો જથ્થો છે. આ ઉપરાંત 18
ી અને 580 જિલ્લા કે જ્યાં
સાની સૌથી વધુ આશંકા
છે ત્યાં દેશની સૌથી શ્રેષ્ઠ સિંચાઈ વ્યવસ્થા છે અને એવું પણ નથી કે વરસાદ આ વર્ષે જ ઓછો થવાનો છે. છેલ્લા 10 વર્ષથી ખેડૂતો હવામાનને હરાવતા આવ્યા છે.

**રાજ્યોની સ્થિતિ : ગુજરાત :** નર્મદા નદીમાંથી નીકળતી નહેર અને બોર પર ખેડૂતોનો વધુ આધાર.

**રાજસ્થાન :** 68 ટકા વરસાદ પર નિર્ભર. ઓછા પાણીવાળા પાક વધુ મેળવાય છે. આથી અસર ઓછી.

**પંજાબ-હરિયાણા :** 75 ટકા સિંચાઈ બોરથી, 23 ટકા નહેરથી. એટલે કે માત્ર 2 ટકા વરસાદ પર નિર્ભર.

**મ.પ્ર.-છત્તીગઢ :** 65 ટકા ખેતી વરસાદ પર આધારીત. વરસાદ ઓછો થાય ત્યારે ઓછા પાણીવાળા પાકની વાવણી કરાય છે.

**બિહાર-ઝારખંડ :** 70 ટકા વરસાદ પર નિર્ભર. વરસાદ ઓછો થાય તો ઉત્પાદન 40 ટકા સુધી ઘટી જાય છે.

**સ્કાઈમેટનો દાવો :** આ વર્ષે પણ વરસાદ સામાન્ય રહેશે

સ્કાઈમેટના જણાવ્યા અનુસાર ઈન્ડિયન ઓશન ડાઈકોલ બની રહ્યું છે. તે ચોમાસાની તરફેણમાં છે. તે અલનીનોની અસરને પણ ખતમ કરશે. 1997માં અલનીનો હતું. પણ આઈઓડીએ તેનો પ્રભાવ ઘટાડી દીધો હતો. તે વર્ષે 102 ટકા વરસાદ થયો હતો. આ વર્ષે પણ 1997 જેવી સ્થિતિ બની રહી છે. કારણ કે અલનીનો ગયા વર્ષથી ચાલ્યું આવે છે આથી તેનો પ્રભાવ રહેશે નહીં.

સરકારે એ વાતે વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે કોઈપણ જાતની ઘટ પડશે નહીં. વીજળી માટે આપણે હાઈડ્રોપાવર પર માત્ર 21 ટકા નિર્ભર છીએ. બાકીની 79 ટકા ઉર્જા થર્મો, ન્યુક્લિયર, વિન્ડ અને સોલાર પાવરમાંથી આવે છે. આથી અસર પડશે નહીં. તેવી જ રીતે ડીઝલ અંગે પેટ્રોલિયમ મંત્રાલય કહે છે કે વરસાદ ઓછો થશે તો ખેડૂતોને સિંચાઈ માટે ડીઝલમાં રૂ. 10 સુધીની સબસિડી આપવામાં આવશે. ખાતર મંત્રી અનંતકુમારે જણાવ્યું છે કે 25 રાજ્યોમાંથી કુલ 60 લાખ ટન યુરિયાની માગ આવી હતી. અમે 90 લાખ ટન આપ્યું છે.

## રાષ્ટ્ર અને
## ક્ષિણ
## જરાતમાં
## સાદ

ાસ્કર. રાજકોટ/સુરત :

અરબી સમુદ્રમાં
મ મજબૂત બની
ાનમાં પરિવર્તિત
ા કારણે સૌરાષ્ટ્રના
ક વિસ્તારોમાં તથા
 ગુજરાતમાં તેની




**મેગીમાં ભેળસેળ** | સોશિયલ મીડિયાનો જોક સાચો નીકળ્યો, હવે પાવર વિટા લાવશે

# બાબા રામદેવ દેશી મેગી લાવશે

બાળકોને તેમનો સ્વાદ, તેમની પસંદગી હું પરત આપીશ. આપણને ઝેર ઉપલબ્ધ કરાવતી કંપની જોઇતી નથી. » **બાબા રામદેવ**



એજન્સી. હરિદ્વાર/ નવી દિલ્હી

મેગી સામે પ્રતિબંધ લદાયા પછી સોશિયલ મીડિયા પર ચાલી રહેલો જોક સાચો પુરવાર થયો છે. યોગ ગુરુ બાબા રામદેવના પતંજલિ ટ્રસ્ટે સોશિયલ મીડિયા પર વાયરલ થયેલી પતંજલિ બ્રાન્ડના નૂડલ્સના ફોટાનાં ચેડાં ગણાવ્યા છે પરંતુ બાબાએ કહ્યું કે તેઓ બાળકો માટે ટૂંક સમયમાં જ દેશી મેગી લાવશે. દરમિયાન, ગોવાએ પણ મેગી નૂડલ્સ સામે પ્રતિબંધ લાદી દીધો છે. બાબાએ યોગ કાર્યક્રમમાં જણાવ્યું કે બાળકોને તેમનો સ્વાદ, તેમની પસંદગી હું પરત આપીશ. આપણને ઝેર ઉપલબ્ધ કરાવતી કંપની જોઇતી નથી. નૂડલ્સ જ નહીં પરંતુ બોર્નવીટા, હોર્લિક્સની રીતે પાવરવીટા પણ લાવીશ. ટ્વિટર પર પતંજલિ ટ્રસ્ટે સ્પષ્ટ કર્યું કે સોશિયલ મીડિયા પર વાયરલ થઇ રહેલા ફોટા પતંજલિ બ્રાન્ડના નમકીન બિસ્કિટના છે. કોઈએ ફોટોશોપ સાથે ચેડાં કર્યા છે.

...અનુસંધાન પાના નં.12